ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 26th August, 2025

પ્રતિ,

તંત્રી શ્રી,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા રાષ્ટ્રીય અવકાશ દિવસ ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી.

## આત્મનિર્ભર ભારતના પ્રકલ્પને સાકાર કરવા આવનારા સમયમાં સ્પેસ ટેકનોલોજી ભારતને રક્ષણાત્મ અને આર્થીક સધ્ધરતા અપાવશે. – હર્ષદ જોષી

ભાવનગર જીલ્લામાં પ્રથમ વાર એક સાથે ૧૮૯ વિધાર્થીઓએ પોતાના પોસ્ટર પ્રેજન્ટેશન રજુ કરીને રચ્યો ઈતિહાસ

જય વિજ્ઞાન,

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

૨૩ ઓગસ્ટ ૨૦૨૩ એટલે દરેક ભારતીય માટે ગર્વનો દિવસ. આજ રોજ ISROએ ચંદ્રયાન-૩ ના લેન્ડર અને રોવરને ચંદ્ર પર સફળતાપૂર્વક ઉતરાણ કરીને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું હતું. આ સાથે, ભારત ચંદ્ર પર ઉતરાણ કરનાર ચોથો દેશ બન્યો અને ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રની નજીક ઉતરાણ કરનાર પ્રથમ દેશ બન્યો. સોફ્ટ-લેન્ડિંગ પછી પ્રજ્ઞાન રોવરનું સફળતા પૂર્વક ચંદ્રની સપાટી પર ચલાવી વિવિધ શંશોધનો કરવામાં આવ્યા. આ સિદ્ધિની ગૌરવગાથા સદાય રહે તેવા હેતુ થી વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨૩ ઓગસ્ટને ભારતમાં "રાષ્ટ્રીય અવકાશ દિવસ" તરીકે જાહેર કર્યો.

આ ગૌરવી દિવસની વિશેષ ઉજવણી કરતા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૩-૮-૨૦૨૫ ના રોજ શ્રી આર.એમ. શાહ કન્યા શાળા, ગારીયાધાર ખાતે આ વર્ષની થીમ આધારિત વૈજ્ઞાનિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. જેમાં લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી એ ભારતનો ખગોળ ઈતિહાસ અને ઈસરોના પ્રથમ મિશન નાઈકે-અપાચે રોકેટ, પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટ થી ગગનયાન સુધીની તલસ્પર્શી માહિતીઓ આપેલ. તેઓ શ્રી એ જણાવેલ કે "આપણે જે મોબાઈલ ફોન, ટીવી કે કોઈ લાઇવ પ્રોગ્રામ જોઈ રહ્યા છીએ આ બધું જ આપડા દેશના ખમીરવંતા વૈજ્ઞાનિકોની રાત અને દિવસની મહેનત છે. જેનો આપણે ઉપયોગ કરીને આપણે વરસાદ, વાવાજોડું, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને હવે NISAR સેટેલાઈટની મદદથી ધરતીકંપ જેવી આફતો સામે રક્ષણાત્મક અને અગમચેતી દાખવી શકીશું. આજે ISROએ સ્પેસ રેસમાં દુનિયાભરમાં ભારતને મોખરાનું સ્થાન અપાવ્યું છે. આત્મનિર્ભર ભારતના પ્રકલ્પને સાકાર કરવામાં આવનારા સમયમાં સ્પેસ પ્રોગ્રામોનું બહુમુલ્ય યોગદાન રહેશે. આવનારા સમયમાં સ્પેસ ટેકનોલોજી ભારતને રક્ષણાત્મ અને આર્થીક સધ્ધરતા અપાવશે."

ઉપરાંત ભાતના સ્પેસ પ્રોગ્રામ અને ભારતના સ્પેસ વૈજ્ઞાનિકોના પોસ્ટર પ્રેજન્ટેશનનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભાવનગર જીલ્લા એક સાથે ૧૮૯ વિધાર્થીઓએ પોતાના પોસ્ટર પ્રેજન્ટેશન રજુ કરીને ઈતિહાસ રચ્યો હતો. પોસ્ટર પ્રેજન્ટેશનમાં પ્રથમ ક્રમાંક પર ટેલીસ્કોપ, દ્વિતીય ક્રમાંક પર રોબોટ કીટ, તૃતીય ક્રમાંક પર ગગન એસ્ટ્રોનોટની પ્રતિકૃતિ આપી વિધાર્થીનીઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ. ઉપરાંત અન્ય સાત વિધાર્થીનીઓને વિજ્ઞાનિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે પાર્થરાજસિંહ ગોહિલ (વિજ્ઞાન પ્રચારક, લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર), શ્રીમતી વર્ષાબેન પટેલ (આચાર્ય શ્રી, આર. એમ. શાહ કન્યા શાળા) એ ભારે જહેમત ઉઠાવેલ.

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.